સુવિચાર
કોઈપણ સમાજ આખો ખરાબ હોતો નથી. સમાજમાં અમુક ટકા જ લોકો ખરાબ હોય છે. માટે આખા સમાજને વગોવવો નહી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૧૬ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૧૧/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

www.amreliexpress.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
શુભ દીપાવલી

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ આસો વદ-અમાસ વર્ષ : ૧૫ અંક : ૨૭૮


## જિલ્લાનાં મુખ્ય મથકની બજારોમાં નવોઢા જેવો શણગાર જોવા મળ્યો


# અમરેલી જિલ્લામાં ''દિપોત્સવી'' પર્વનો જબબરો ઉત્સાહ


ટાવર ચોક અને મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસીએશન દ્વારા રોશનીનો ઝગમગાટ ઉભો કરાયો

લાઠી માર્ગ પર આવેલ વિવિધ મોલ ઉપરાંત અન્ય મોટા શોરૂમમાં પણ ઝગમગાટ

ફટાકડા, ગારમેન્ટ, ફૂટવેર, મિઠાઈનાં વેપારીઓને ત્યાં પણ ગ્રાહકો ઉમટી પડયા

હિન્દુ ધર્મનાં સૌથી મોટા તહેવાર ગણાતા દિપોત્સવી પર્વની ઉજવણી પણ ભવ્ય રીતે થઈ રહી છે




અમરેલી, તા. ૧૧
અમરેલી જિલ્લામાં ''દિપોત્સવી'' પર્વની ઉત્સાહભેર ઉજવણીનો પ્રારંભ થયો છે. જિલ્લાનાં આબાલ–વૃધ્ધ, ગરીબ–અમીર સહિત સૌ કોઈ દિપોત્સવીનાં રંગે રંગાયેલા જોવા મળી રહ્યા છે.

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેરમાં સૌપ્રથમ વખત સૌથી વધુ રોશનીનો ઝગમગાટ ઉભો કરવામાં આવ્યો છે. શહેરની મુખ્ય બજારોમાં નવોઢા જેવો શણગાર ઉભો કરવામાં આવેલ છે. ટાવર ચોક અને મોટા બસ સ્ટેન્ડ ચોર વેપારી એસોસીએશન તેમજ લાઠી માર્ગનાં વિવિધ મોલ, શો–રૂમ, પાલિકા કચેરીને પણ શણગાર સર્જવામાં આવ્યો છે.

બીજી તરફ શહેરમાં ફટાકડા, ફૂટવેર, મિઠાઈ, ગારમેન્ટ સહિતનાં વેપારીઓને ત્યાં ગ્રાહકો ઉમટી પડયા છે તો ઈલેકટ્રોનીકસ અને ઓટો શો રૂમ અને જવેલર્સને પણ સારી એવી કમાણી થઈ રહી છે.

જિલ્લાનાં સાવરકુંડલા, રાજુલા, બાબરા, બગસરા, ધારી, ચલાલા, કુંકાવાવ સહિતનાં શહેરો તેમજ જિલ્લાની સરહદે આવેલ ઉના, દિવ, ગીર ગઢડા સહિતનાં શહેરોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તો જિલ્લાનાં તમામ ધાર્મિક સ્થાનોને પણ રોશનીથી સુશોભિત કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લાની જનતા નિર્ભય અને મુકતપણે દિપોત્સવી પર્વની ઉજવણી કરી શકે તે માટે પોલીસ વિભાગ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તો આતશબાજીનાં કારણે આગે જેવી ઘટના બને તો તેને પહોંચી વળવા ફાયર બ્રિગેડનાં જવાનો ખડેપગે જોવા મળી રહ્યા છે.

સોમવારે ધોકો હોય મંગળવારે નૂતનવર્ષને આવકારવા માટે ઠેકઠેકાણે સ્નેહમિલન તેમજ ધાર્મિક સ્થાોમાં ''અન્નકૂટ'' પ્રસાદ ધરવામાં આવશે.

હિન્દુ ધર્મનાં સૌથી મોટા અને મહત્વનાં તહેવારની ઉજવણીને લઈને સમગ્ર જિલ્લામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ હશે તો જીવનમાં પરીક્ષા આવી શકે પરંતુ સમસ્યા તો ન જ આવે...!!
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 9555811166

Krishna DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. ઝિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨



નોંધ : હોસ્પિટલમાં રજા દરમ્યાન ઈમરજન્સી સેવાઓ ચાલુ રહેશે જેની નોંધ લેશો
દીપાવલી પર્વ નિમિતે
તા. ૧૧-૧૧-૨૦૨૩ ને શનિવાર થી
તા. ૧૫-૧૧-૨૦૨૩, બુધવાર સુધી
હોસ્પિટલમાં રજા હોવાથી ઓ.પી.ડી. વિભાગ બંધ રહેશે.
તા.૧૬-૧૧-૨૦૨૩ ને ગુરૂવારથી હોસ્પિટલનો ઓ.પી.ડી. વિભાગ રાબેતા મુજબ શરૂ થશે.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી. ફોન : ૨૨૦૬૨૦

APM TERMINALS
Lifting Global Trade
APM TERMINALS - PIPAVAV
(ગુજરાત પીપાવાવ પોર્ટ લી.)
Wishes you Happy Diwali...





## જન વિજ્ઞાન જાથા અને સ્થાનિક પોલીસની ટીમે દરોડો પાડતા દોડધામ

# બાબરામાં કાળી ચૌદશે બે નિર્દોષ પશુઓની બલી ચડાવાતા કાર્યવાહી

**એકવીસમી સદીનાં આધુનિક યુગમાં પણ નિર્દોષ પશુઓની બલી ચડાવાતી હોય નિંદનીય ઘટના**

**વાલ્મિકીવાસમાં રમેશભાઈ ભુવા સહિતનાં ૪ કહેવાતા ઢોંગીઓનો થયો પર્દાફાશ**

**માતાજીને પ્રસન્ન કરવાનાં નામે પશુઓની હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવ્યું**

**પોલીસે બલી માટે જરૂરી તમામ સાધનો કબ્જે કરી નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**









બાબરા, તા. ૧૧

બાબરામાં કાળી ચૌદસે માનતાના નામે પશુબલી માતાજીના મઢે બે નિર્દોષ પશુની બલી ચઢાવવામાં આવી. પ્રસાદ કરતી વેળાએ વિજ્ઞાન જાથાની ટીમ અને બાબરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ત્રાટકતા નાશ ભાગ મચી હતી. ૨૧મી સદીમાં પણ આજે રોગ મટાડવા, સંતાન પ્રાપ્તિ, માનતાના નામે નિર્દોષ પશુ પક્ષીની નિર્મમ હત્યા થાય છે તે દુઃખદ છે. બાબરાના વાલ્મિકી વાસમાં ભુવા રમેશભાઈ વાડોદરા અને તેના સાગ્રિતો અનિલ ભુવા, અજય ભુવા અને વિનુ ભુવા નામના ત્રણ શખ્સો કુલ ચાર શખ્સો સામે એક રમેશભાઈ ભુવા મુખ્ય પ્રણેતા એની સામે ગુનો નોંધવાની પ્રક્રિયા ચાલુ છે. પોલીસે ચારેયની અટક કરી છે. વિજ્ઞાન જાથાએ માહિતી મળી હતી કે કાળી ચૌદસને દિવસે જ પ્રારંભ થાય તે પહેલા માનતાના નામે બે પશુની બલી ચડવાની છે તેમાં બે પશુઓ સમયસર આવી ગયા ૧૧ પશુ રસ્તામાં હતા તે દરમિયાન ભુવાએ ઝડપથી વિધિ–વિધાન કરતા બે નિર્દોષ બોકડાનો વદ કરી અને લોહીનો છંટકાવ કરી અને માતાજીને પ્રસન્ન કરવા રમેશ ભુવાએ ધુણીને માનતા પૂરી થઈ છે તેઓ શુર વ્યકત કર્યો હતો.

આ ઘટનામાં વિજ્ઞાન જાથાને માહિતી હતી કે છેલ્લા ૧૦ વર્ષથી રમેશ દોરા, ધાગા, જોવાનું કામ લોકોના દુઃખ દર્દ મટાડવાનું કામ કરે છે અને લોકોને ભ્રમ નાખી શારીરિક–માનસિક, આર્થિક શોષણ કરે છે. આ ભુવા પાસે હિન્દુ–મુસ્લિમના વિવિધ લોકો પણ આવતા હતા જે તેને કબુલાત પણ આપી દીધી હતી. દર મહિને માતાજીના મઢ પોતાના ઘરમાં રાખીને નિર્દોષ પશુઓની બલી ચઢાવતા હતા. અત્યાર સુધીમાં ૪૦૦ આસપાસ નિર્દોષ પશુને બલિ ચડાવી દીધી છે તેવી હકીકત પણ જાણમાં આવી હતી. એમ બધા પુરાવા એકત્ર કરી અને રમેશ ભુવાને પૂછતા તમામ કબુલાત આપી દીધી. આજે કાળી ચૌદસનો દિવસ બેસતાની સાથે ભુવાએ બંન્ને નિર્દોષ પશુને મારીને માતાજીને પ્રસન્ન કરવા દાણા જોયા હતા. આવી ઘટના કમકમાટી પર તેનો પ્રસાદ બનાવતા હતા તે વખતે જ વિજ્ઞાન જાથા પહોંચી ગઈ અને તેમને સામે બાબરા પોલીસ સ્ટેશનને અટક વગેરેની કાર્યવાહી ચાલુ કરી અને જે મારવાના, કાપવાના સાધનો હતા બધાય જપ્ત કરવામાં આવેલ હતા. ૧૧ જે રસ્તામાં પશુ હતા તે તુરંત તેના સાગ્રિતોએ સગે વગે કરી દીધાની માહિતીની જાથાને જાણ થઈ હતી. આ બાબરા પંથકની અંદર જે પશુબલીની ઘટના બની અને કબૂલાત આપી કે હવે પછી કયારેય અમે પશુની હત્યા કરીશુ નહીં અને મીઠી માનતા રાખીશુ વિજ્ઞાન જાથાને અમરેલીના એસપીએ મદદ કરી અને બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. પોલીસ સબ ઈન્સ્પેકટર અને પોલીસનો સમગ્ર સ્ટાફ ફાળવી દેતા આખો મામલો પ્રકાશમાં આવ્યો હતો. વિજ્ઞાન જાથાએ પોલીસ તંત્રને અભિનંદન આપી અને આ પશુબલીનો રિવાજ છે કાયમી આ પરિવાર બંધની જાહેરાત કરી છે પરંતુ ગુના સંબંધી એફઆઈઆરની કાર્યવાહીચાલુ છે અને વધુ તપાસમાં હકીકત નીકળશે તે સંબંધી એની હેઠળ વિવિધ કલમો હેઠળ અને કુરર્તાપૂર્વક હત્યા સંબંધી કલમો લગાડવામાં પોલીસ તજવીજ કરી રહી છે. વિજ્ઞાન જાથાના જયંત પંડયાના નેતૃત્વમાં અંકલેશ ગોહિલ, રોમિતભાઈ રાજદેવ, વિનુભાઈ લોદરીયા, ભભલુભાઈ ધાધલ, મનીષભાઈ ઘુઘલ સાથે અને સ્થાનિક કાર્યકરો સાથે રહ્યા હતા.

## કોવાયા :અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા મીયાવાકી પદ્ધતિથી મીની ફોરેસ્ટ બનાવાયું



કોવાયા, તા. ૧૧

અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની કોવાયા ના હકચ વિભાગ દ્વારા જન, જલ,જંગલ,જાનવર,ના સંવર્ધન અને જૈવ વિવીધતાના જતન માટે હમેશા પ્રયત્નશીલ રહે છે. વિવિધ કાર્યક્રમો વૃક્ષારોપણ,વિવિધ સ્પર્ધાઓ તથા જાગૃતતા કાર્યક્રમો, જળસંચય, ઝીરો પ્લાસ્ટિક ડ્રાઈવ વગેરે વિવિધ આયોજનો દ્વારા એક ઔધૌગિક કંપની તરીકે પ્રકૃતિની સરક્ષણ અને સંવર્ધન માટે પ્રત્યનશીલ રહે છે. તે પ્રયત્નો અંતર્ગત અલ્ટ્રાટેક કંપનીના સીએસઆર વિભાગ દ્વારા મીની ફોરેસ્ટનો વિકાસ કરાયા છે. મીયાવાકી પદ્ધતિ દ્વારા કોવાયા મરીન પોલીસ સ્ટેશનમાં તર્જજ્ઞો ની મદદથી મીની ફોરેસ્ટ ડેવલોપ કરવામાં આવ્યું છે. છેલ્લા બે વર્ષની સફળતા જોઈ આ વર્ષે પણ મીયાવાકી પદ્ધતિ દ્વારા ત્રણ નવા પ્લોટ બનાવવાના શરૂ કરવામાં આવ્યા છે. જે અતર્ગત અલ્ટ્રાટેક કંપનીના એચઆર વિભાગના ઉચ્ચ અધિકારી અજય વૈશમ્પાયન, પાવર પ્લાન્ટના અધિકારી મયુર ખકકર, માઈન્સ વિભાગ દ્વારા રાજેશ ઠકકર, રોહિત સોંલકી અને એડમીન વિભાગના દીપાંકર અધિકારીની ગરિમા મય ઉપસ્થિત રહી હતી અને તેમના દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું સાથે સાથે જય, એડમીન, અને અલ્ટ્રાટેક સાથે નવા જોડાયેલા ન્યુ જોઈનીસ દ્વારા ઉત્સાહ ભેર વૃક્ષારોપણ કરાયું સીએસઆરની ટીમ દ્વારા સતત દેખરેખ રાખી ઓછા વિસ્તારમાં ખુબ સરસ રીતે આ પદ્ધતિ દ્વારા મીની ફોરેસ્ટ નો વિકાસ કરવામાં આવ્યો છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ–પ્લેટ–ઘરા, જેક–ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
















''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨






## દિવાળી અને નૂતનવર્ષની ખૂબ-ખૂબ શુભકામનાઓ

દિપોત્સવ અને નવા વર્ષમાં

માદરે વતન આવતા સૌને

વતનની ધરા ઉપર

રૂડો આવકાર



**મહેશ કસવાલા**
ધારાસભ્ય,
સાવરકુંડલા લીલીયા (ગુજરાત)
પ્રદેશ મંત્રી,
ગુજરાત-ભાજપા

## શુભ દીપાવલી

**નૂતન વર્ષાભિનંદન...**

પ્રકાશના આ પર્વ દીપાવલી
તેમજ
નૂતન વર્ષની અમરેલી જીલ્લાની
જાહેર જનતાને
હાર્દિક શુભકામનાઓ...
આ પર્વ આપ સૌના માટે
સ્વાસ્થ્ય સહ સુખ, સમૃધ્ધિ લાવે
માં લક્ષ્મીજીની કૃપા સર્વે આત્મીયજનો
પર સદૈવ વિદ્યમાન રહે
તેવી અંતઃકરણ પૂર્વકની અભ્યર્થના...



શુભેચ્છક

**શ્રી કૌશિક વેકરિયા**

નાયબ મુખ્ય દંડક : ગુજરાત વિધાનસભા
ધારાસભ્ય : અમરેલી-વડિયા-કુંકાવાવ મત વિસ્તાર


## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

Shubh Deepawali

**આપણી સનરાઇઝને તદ્દન પ્લાસ્ટિક મુકત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે**

**NO PLASTIC ZONE**

આપણી શાળાનું સમગ્ર બિલ્ડીંગ તથા ગ્રાઉન્ડ સંપૂર્ણ રીતે પ્લાસ્ટિક માટે પ્રતિબંધિત રહેશે. પ્લાસ્ટિકના પેકિંગમાં કે રેપરમાં આવતી કોઈપણ ચીજ વસ્તુ લાવવાની સખત મનાઈ ફરમાવવામાં આવે છે. પ્લાસ્ટિક પેકિંગમાં આવતી તમામ પ્રકારની ચોકલેટ,પીપરમેન્ટ, બિસ્કીટ, વેફર, બબલા, ચેવડો, ચૂયિંગગમ જેવી એક પણ ચીજવસ્તુ શાળામાં લાવી શકાશે નહી. શાળાની કેન્ટીનમાં પણ પ્લાસ્ટીક પેકિંગ સિવાયનો જ નાસ્તો મળશે. તમામ સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ માત્રને માત્ર પોતાના ટિફિન બોક્સમાં રેપર, કવર કે પ્લાસ્ટિક પેકિંગમાં ન આવતી હોય તેવી જ ખાણીપીણીની વસ્તુઓ નાસ્તામાં લાવી શકશે. ઘરનો બનાવેલ કોઈ પણ નાસ્તો જેવો કે ચેવડો, ચવાણું, મીઠાઈ, સેવ મમરા, બટેટા પેવા, સૂકીભાજી, ફ્રુટ, કઠોળ, સુખડી, લાડુ, માંડવીપાક, ટોપરાપાક, શીરો જેવી અનેક નાસ્તાની વસ્તુઓ બનાવીને લાવી શકાય. બેકરીની પણ અસંખ્ય આઈટમો છે. તે પણ લાવી શકાય કોઈપણ વિદ્યાર્થી કે સ્ટાફ પોતાના જન્મદિવસે કોઈપણ પ્રકારની કેડબરી કે ચોકલેટ કે પીપરમેન્ટ લાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાંઆવે છે. પોતાના બર્થ ડે ઉપર વર્ગમાંપોતાના મિત્રોને મીઠાઈ કે કંઈ પણ ભેટ આપવી ફરજીયાત નથી. વાલી ઈચ્છે તો જ સ્વેચ્છાએ આપી શકે છે. હવેથી બર્થડે નિમિત્તે પોતાના વર્ગના વિદ્યાર્થીઓ પૂરતી વચ્ચે નાની કેક લાવી મમ્મી પપ્પા સાથે આવીને સેલિબ્રેટ કરી શકાય છે અથવા પોતાના વર્ગને પેન્સિલ કે પેન પણ આપી શકાય. કોઈપણ મીઠાઈ આપી શકાય, ચોકલેટ, પીપરમેન્ટ, કેડબરી આપી શકાશે નહી. આ બાબતે તમામ વાલી મિત્રોનો સાથ સહકાર ખૂબ જ આવશ્યક છે. આવો આપણે સાથે મળીને... પ્લાસ્ટિક મુકત ઘર... પ્લાસ્ટિક મુકત શાળા.. પ્લાસ્ટિક મુકત શેરી.. અને પ્લાસ્ટિક મુકત શહેર બનાવીએ... અને પર્યાવરણને બચાવીએ... ખાસ નોંધ કોઈપણ કંપનીની બજારમાં મળતી વેફર કે સ્થાનિક બનતા બબલા, ભૂંગળા છુટા પણ ટિફિન બોક્સમાં લાવી શકાશે નહી. ઘેર તળેલી વેફર ભૂંગળા જ લાવી શકાશે.



**શ્રી પ્રતાપભાઈ ખુમાણ**
(બાપુસર)
મેનેજીંગ ટ્રસ્ટી : સનરાઇઝ સ્કૂલ, સાવરકુંડલા.

## ।। शुभ दीपावली ।।

दीयों से सजी रात
और खुशियों के साथ
आओ मनाएं किसी की यह
दीपावली अपनी सी और खास


: શુભેચ્છક :

**નટરાજ રોડ લાઇન્સ**
અમરેલી-ભાવનગર-રાજકોટ

**આશાપુરા ટ્રાન્સપોર્ટ કાં.**
અમરેલી-ભાવનગર-રાજકોટ

શ્રી ઉદયભાઇ શેખવા : મો. ૯૧૩૭૧ ૫૫૫૫૫

# ફિલીપીન્સના મનિલા શહેર ખાતે ભારતના રાજદુત શંભુ એસ કુમાર સાથે મુલાકાત કરતા યુવા નેતા મનિષ સંઘાણી



ફિલીપીન્સના મનિલા શહેર ખાતે ઈફકો અને એન.સી.યુ.આઈ. અને ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી સાથે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ યુવા નેતા શ્રી મનીષ સંઘાણી એ ફિલિપાઈન્સ માં આવેલ ભારતના દૂતાવાસ ની શુભેચ્છા મુલાકાત લીધી હતી ત્યારે ભારતના રાજદૂત શ્રી શંભુ.એસ.કુમારજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જી દ્વારા નવું બનાવવામાં આવેલ સહકાર મંત્રાલય અને ભારત દેશ ની મુખ્ય ત્રણ સહકારી સંસ્થાઓ નાં ફિલિપાઈન્સ સાથે નાં વેપાર બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

### ૨૨ એમ્બ્યુલન્સ સાથે ૧૦૦ કર્મચારીઓ તૈયાર

## અમરેલી જિલ્લાની ૧૦૮ ની ટીમ ''દિપોત્સવ પર્વ ''ને લઈને ખડેપગે

### કર્મચારીઓ કાર્યસ્થળે જ રંગોળી દોરી ઉજવણી કરશે

અમરેલી, તા. ૧૧

સામાન્ય દિવસો કરતા દિવાળી પર્વને લીધે ઈમરજન્સીના કેસોમાં પણ વધારો થતો જોવા મળે છે. જેમાં મુખ્યત્વે રોડ અકસ્માત,દાઝી જવાના કેસો, શ્વાસોશ્વાસમાં તકલીફ વગેરેના કેસોમાં વધારો થતો જોવા મળે છે.જયારે આ તમામ પ્રકારના કેસોમાં ઝડપથી સેવા આપવા માટે અમરેલી ૧૦૮ ઈમરજન્સી સેવાની કુલ ૨૨ જેટલી એમ્બ્યુલન્સો ખાસ દિવાળી પર્વમાં એલર્ટ રાખવામાં આવી છે. જેમા ૧૦૮ એમ્બ્યુલન્સના આશરે ૧૦૦ જેટલા કર્મચારીઓ સેવામાં ખડેપગે હાજર રહેશે. છેલ્લા બે વર્ષના આખા ગુજરાતમાં દિવાળી તહેવારના ઈમર્જન્સીના આંકડા ઉપર નજર કરીએ તો ૨૦૨૧ ના રોજના ઈમરજન્સીના ૩૫૪૬ જેટલા કેસો નોધાયેલા છે. જેમા દિવાળીના દિવસે ૩૫૮૧ કેસ નોધાયેલા હતા. નવ વર્ષના દિવસે ૪૩૦૭ કેસ નોધાયેલા અને ભાઈબીજના દિવસે૩૮૬૮કેસ નોંધાયેલા હતા. તેવી જ રીતે ૨૦૨૨ માં રોજનાં કેસો ૪૨૧૪ કેસો નોંધાયેલા હતા આમ આગળના વર્ષોમાં નોધાયેલા કેસોને ધ્યાનમાં રાખીને ૨૦૨૩ માં આશરે રોજના કેસો નોધાય છે તે ૩૯૬૧ છે જે



અનુમાન ના આધારે દિવાળીના દિવસે ૪૧૦૦ કેસો નોંધાઈ શકે છે. અને નવું વર્ષના દિવસે ૪૬૮૧ કેસો નોંધાઈ શકે છે. તેમજ ભાઈ બીજના દિવસે ૪૩૯૬ જેટલા કેસો નોંધાઈ શકે છે.અમરેલી જિલ્લાની વાત કરીએ તો રોજના નોંધાતા ઈમરજન્સી કેસો આશરે ૧૧૭ જેટલા છે. જેમાં અનુમાનના આધારે દિવાળીના રોજ આશરે ૧૧૧ કેસો એટલે કે ૫.૧૩ ટકાનો ઘટાડો જોવા મળી શકે છે. તેવી જ રીતે નવુ વર્ષના દિવસે ૧૧૫ જેટલા કેસો જેટલો ઘટાડો જોવા મળે છે. તેમજ ભાઈબીજના દિવસે ૧૨૫ જેટલા કેસો એટલે કે નોર્મલ દિવસો કરતા ૬ ટકા જેટલો વધારો જોવા મળે છે. તેવું અનુમાન કરવામાં આવે છે. ખાસ કરીને અમરેલી જિલ્લાના નાગરિકોને ૧૦૮ ઈમરજન્સી દ્વારા ખાસ અપીલ કરવામાં આવે છે. તહેવારોમાં તમારૂ વાહન ધ્યાનથી ચલાવવું કે જેથી કોઈ અકસ્માતનો ભોગ ના બને. આ સાથે વધુ ધુમાડાવાળા અને મોટા અવાજવાળા ફટાકડા ફોડવાનુ ટાળવા જોઈએ. નાના બાળકો સાથે વડીલોએ ઉભા રહીને ફટાકડા ફોટવા જોઈએ. આપનું આને આપના પરિવાર નું ધ્યાન રાખવું તેમજ ખાસ અપીલ જે કોઈપણ જગ્યાએ એ આપના ધ્યાને કોઈપણ પ્રકારની ઈમરજન્સી ઉભી થાય તો વિના સંકોચે ૧૦૮ ઈમરજન્સી સેવામા ફોન કરવો જેથી કોઈના જીવ બચાવવામાં અભિયાન માં આપણે સહભાગી થવું.

### કરીયાણા, માધુપુર, દરેડ અને ખાખરીયામાં પરેશાની

## બાબરા પંથકમાં સિંચાઈ માટે પાણી આપવા ખેડૂતોની માંગ

### પુર્વ સરપંચ વનરાજભાઈ વાળાની આગેવાની માંગ



બાબરા, તા. ૧૧

બાબરા પંથકના કરીયાણા, માધુપુર, દરેડ અને ખાખરીયાનાં ખેડૂતોએ અવાર–નવાર સિંચાઈ માટે પાણી કેનાલમાં છોડવા માંગ કરી રહયા હોય જવાબદાર વિભાગ ખેડૂતોની વ્યાજણી માંગ સંતોષતો ન હોવાથી વાવેતર કાર્યમાં નુકશાની થવાની સંભાવનાં જોવા મળી રહી છે.

જનપ્રતિનિધિઓએ આ બાબતે સક્ષમ અધિકારીઓને રજુઆત કરવી જોઈએ તેવી માંગ દરેકડ ગામનાં પુર્વ સરપંચ વનરાજભાઈ વાળા તેમજ ખેડૂતોમાંથી ઉભી થયેલ છે.

## અવસાન નોંધ

**સાવરકુડલા :** વિશાશ્રીમાળી જૈન મરણ સાવરકુંડલા નિવાસી ત્રંબકલાલ રતિલાલ દોશી (ઉ.વ. ૯૦) તા. ૧૦/૧૧/૨૩ને શુક્રવારે અરીહંત શરણ પામેલ છે. તે ભદ્રેશભાઈ, હિતેનભાઈ તથા જુલીબેન (પુના)ના પિતા, કાજલબેન, રશ્મિબેન, રાહુલકુમારના સસરા, વર્ષીલ તથા પ્રણયના દાદા થાય. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### સિનિયર એક્વોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

## રાજકોટ નાગરિક બેન્ક સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરનાર આરોપીનો નિર્દોષ છુટકારો

### જસદણનાં એડી.ચીફ જયુડી.મેજી. દ્વારા નિર્દોષ છોડી મુકવા આદેશ

જસદણ, તા. ૧૧

સીનીયરએડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાને લઈ બેંકનું માતબર રૂા. ૧,૭૩,૬૯,૪૧૪ (અંકે રૂપિયા એક કરોડ તોતેર લાખ ઓગણસીતેરહજાર ચારસો ચૌદ)નું લેણું ડુબારનાર આરોપીને જસદણના એડી.ચીફ.જયુડી. મેજી.જજ કે.એન.દવે દ્વારા નિદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો.આ વિગત એવી જણાય છે કે. આ કામે જગદીશભાઈ વેલજીભાઈ તન્નાએ રાજકોટ નાગરીક સહકારી બેંક વતી તેના અધિકારી તરીકે જસદણ જયુડી.મેજી.કોર્ટ સમક્ષ ફરીયાદ નોંધાવેલી હતી, અને જે કામે આરોપી તરીકે મુકુંદરાય વનમાળીદાસ ભીમજીયાણી એ રાજકોટ નાગરીક સહકારી બેંક લી. માંથી તેમની પેઢી કૃપા કોટન કાું,નામે લોન લીધેલ હોય અને જેંમા આરોપી ન. ૨ તરીકે મંજુલાબેન સુરેશભાઈ ભીમજીયાણીને દર્શાવેલ હતા.જે ફરિયાદમાં આ કામના આરોપીઓએ બેંકનું લેણુ ડુબાડવાના હેતુથી ગુન્હાહીત



કાવતરૂ રચી. માલ–સામાન,મશીનરી, માલસ્ટોક અન્ય જગ્યાએ ખસેડી નાખી ગેરકાયદેસર રીતે સગેવગે કરી બેંક સાથે દગો,વિશ્વાસઘાત કરી. છેતરપીંડી આચરેલાની ફરિયાદ બેંક વતી જગદીશભાઈ તન્નાએ આપેલ. ગુન્હો કરવામાં બને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદી બેંક સાથે દગો,છેતરપિંડી કરેલાની ફરીયાદ જસદણ કોર્ટમાં આ કામના આરોપી વિરુધ્ધ આપતા આ બાબતના I.P.C.206,406,420,421, 422,120-B 34 વિગેરે મુજબનો ગુન્હો નોંધાયેલો ત્યારબાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ કેસ



ચાલેલ. જેમા ફરિયાદી પક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા માટે લેખિત તથા મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છતાં ફરિયાદી પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ જતા. આરોપી નં ૨ મંજુલાબેન સુરેશભાઈ ભીમજીયાણી નિદોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આરોપી તરફે અમરેલીના સિનિયર શ્રી ઉદયન ત્રિવેદી તથા એડવાકેટ શોયેબ બિલખીયા તથા હરનીલ ત્રિવેદી રોકાયેલ હતા. એકવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને ધ્યાને લઈ જસદણના એડી.ચીફ. જયુડી મેજી. જજ કે.એન.દવે દ્વારા નિદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

# કાઠી ક્ષત્રિય અગ્રણી ખુમાણ દ્વારા કેદારનાથ મંદિરની રેપ્લિકા પ્રસાદી રૂપે શિવભકતોને અર્પણ










સાવરકુંડલાના પ્રતાપભાઈ ખુમાણ પરિવાર દ્વારા ચારધામ યાત્રા પ્રવાસ દરમિયાનઆ પવિત્ર સ્થાનોની યાદગીરી રૂપે ત્યાંના સામાન્ય હસ્તકલા કારીગર દ્વારા કારવિંગ કરેલ હેન્ડમેડ કેદારનાથ મંદિરની રેપ્લિકા (પ્રતિકૃતિ) જાહેર ક્ષેત્ર, પત્રકાર ક્ષેત્રના મહાનુભાવો તથા અધિકારીઓને અર્પણ કરવામાં આવી હતી. જેમાં સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય કસવાળા, ડીવાયએસપી વોરા, પીઆઈસોની, અકિલા તંત્રી કિરીટભાઈ ગણાત્રા, અમરેલી એકસપ્રેસ મનોજભાઈ રૂપારેલ, સાવરકુંડલા વરિષ્ઠ પત્રકાર ગ્રુપના વડીલ પ્રદીપભાઈ દોશી અને સૌરભ દોશી તથા વિરાગ દોશીને મંદિરની પ્રતિકૃતિ પ્રસાદીરૂપે અર્પણ કરવામાં આવી હતી.

## દીપાવલી તેમજ નૂતનવર્ષાભિનંદન

HAPPY DIWALI

दिवाली त्योहार दीप का,
मिलकर दीप जलाएंगे।
सजा रंगोली से आंगन को,
सबका मन हर्षाएंगे।

बम-पटाखे भी फोड़ेंगे,
खूब मिठाई खाएंगे।
दिवाली त्योहार मिलन का,
घर-घर मिलने जाएंगे।

शुभ दिवाली

નવા વર્ષે "સહકાર સે સમૃદ્ધિ" તરફ આગળ વધીએ
તેવી હાર્દિક શુભકામનાઓ...

**બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા**

મુખ્ય ઓફિસ :- શ્રી અરવિંદભાઈ મણીયાર ભવન, બગસરા. જી. અમરેલી. ફોન :- ૦૨૭૯૬ ૨૨૨૨૫૮





શ્રી રશ્વિનભાઈ
પી. ડોડીઆ
ચેરમેનશ્રી

ડી.જી. મહેતા
જનરલ સેક્રેટરી

નિતેષ ડોડીઆ
જનરલ એમ.ડી.

બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા




## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

॥ शुभ दीपावली ॥

है रौशनी का त्यौहार,
लाये हर चेहरे पर मुस्कान,
सुख और समृद्धि की बहार,
समेट लो सारी खुशियाँ,
अपनों का साथ और प्यार..
शुभ दिवाली।

HAPPY DIWALI
FESTIVAL OF LIGHTS


**શ્રી અંબરીશ ડેર**
પૂર્વ ધારાસભ્ય
રાજુલા-જાફરાબાદ



## શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની શુભેચ્છાઓ...

**અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.**

ભોજલરામ ભવન, રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૬૦૧, ૨૨૧૯૩૮
ઈ-મેઈલ : ajmsbank@yahoo.co.in

(થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)

| અનુ. નં. | થાપણના પ્રકાર | તા.૧૦-૦૧-૨૦૨૩ થી વ્યાજનો દર | સીનીયર સીટીઝન (વરિષ્ટ નાગરીક) માટે |
|---|---|---|---|
| (A) | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદ્દત માટે | ૩.૫૦% | ૪.૦૦% |
| (B) | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદ્દત માટે | ૩.૭૫% | ૪.૨૫% |
| (C) | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદ્દત માટે | ૪.૬૦% | ૫.૧૦% |
| (D) | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદ્દત માટે | ૪.૭૦% | ૫.૨૦% |
| (E) | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૫.૭૦% | ૬.૨૦% |
| (F) | ૧ વર્ષની મુદ્દત અને ૨ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૮૦% | ૭.૩૦% |
| (G) | ૨ વર્ષની મુદ્દત અને ૩ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૮૦% | ૭.૩૦% |
| (H) | ૩ વર્ષની મુદ્દત અને ૫ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૫૦% | ૭.૦૦% |
| (I) | ૫ વર્ષથી વધુ અને ૮ વર્ષ સુધીની મુદ્દત માટે | ૬.૫૦% | ૭.૦૦% |
| (J) | ડબલ (સ્પેશ્યલ ફીકસ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

■ અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને **સને ૧૯૫૧** થી સતત **ઓડીટ વર્ગ અ** ધરાવતી બેંક.
■ સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી ૧૦૦% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા જ ખેડૂતોને રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિ પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક તેમજ **રૂા. ૩,૦૦,૦૦૦/-** સુધીનું અકસ્માત વીમા કવચ પુરી પાડતી બેંક.
■ બેંકની મુખ્ય કચેરી ઉપરાંત **૭૧ શાખાઓ** સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ ઉદ્યોગોને ઉત્તમ સેવા પુરી પાડતી બેંક. ■ ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેકટર તથા દ્વીચકી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે. ■ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વીમાથી સુરક્ષિત.
■ **બેંકમાં RTGS, NEFT, IMPSM, UPI (બીલ પેમેન્ટ) BBPS (આધાર લીંક સબસીડી) APBS, SMS એલર્ટ, મોબાઈલ બેંકીંગ, CTS તેમજ ઈન્ટર બ્રાન્ચ CTS ટ્રાન્ઝેકશનની સુવિધા ઉપલબ્ધ છે તેમજ ફકત રૂા. ૧૦૭/-માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા.** ■ બેંકની વ્યકિતગત **આકસ્મિક વીમા યોજના** અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના **લોકોને રૂા. ૩/- લાખનું અકસ્માત વીમાનું કવચ. ■ ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂા. ૭૦૦૦૦૦/- સુધીનું ધિરાણ વાર્ષિક માત્ર ૯.૫૦% ના વ્યાજ દરે ઉપલબ્ધ છે.**

(બી. એસ. કોઠીયા) જનરલ મેનેજર (સી.ઈ.ઓ) | (અરૂણભાઈ પટેલ) વાઈસ ચેરમેન | (દિલીપભાઈ સંઘાણી) ચેરમેન

અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.



## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

है रौशनी का त्यौहार,
लाये हर चेहरे पर मुस्कान,
सुख और समृद्धि की बहार,
समेट लो सारी खुशियाँ,
अपनों का साथ और प्यार..
शुभ दिवाली।

HAPPY DIWALI
FESTIVAL OF LIGHTS





**શ્રી ભરતભાઈ એમ. સુતરીયા**
પ્રમુખશ્રી
અમરેલી જિલ્લા પંચાયત
અમરેલી

તથા
તમામ સમિતિઓનાં
ચેરમેનશ્રીઓ
અને તમામ સદસ્યશ્રીઓ

અમરેલી જિલ્લા પંચાયત
: અમરેલી :


શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન
आने वाली है दिवाली,
आपके घर आएं मां लक्ष्मी,
दूर हो जाएं आपके सारे दुख-दर्द,
आपका जीवन खुशियों से भर जाए.
हैप्पी दिवाली
: શુભેચ્છક :
શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ – ચલાલા
હરીબા મહિલા કોલેજ
SWARNIM GUJARAT SPORTS UNIVERSITY
B.P.E.S.
Bachelor of Physical Education and Sports
સંચાલક મહેશભાઈ મહેતા
પૂ. રતિદાદા (મેનેજીંગ ટ્રસ્ટી)
યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા
ગાયત્રી સંસ્કાર કેન્દ્ર
શ્રીરામ હોસ્પિટલ
શિવ બાલાશ્રમ (અનાથ આશ્રમ)
માતા–પિતાનું ઘર (વૃધ્ધાશ્રમ)
ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ધો.૧ થી ૧૨
શ્રી કૃષ્ણ ગૌ–શાળા
ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ, મીઠાપુર (ડું.) ચલાલા.


શુભ દીપાવલ-નૂતન વર્ષાભિનંદન
दीपावली आए तो रंगी रंगोली
दीप जले, धूम धड़ाका, छोटा पटाखा
जली फुलझड़ियाँ सब को भाये
आप सब को दीवाली के शुभकामनाएं
शुभ दीपावली
HAPPY Diwali
: શુભેચ્છક :
શ્રી જે.વી. કાકડીયા
ધારાસભ્ય
ધારી-બગસરા વિધાનસભા


શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની
શુભેચ્છાઓ
Happy Diwali
શ્રી હિરેન કે. હિરપરા
પ્રદેશ મહામંત્રી : કિસાન મોરચો ગુજરાત ભાજપ


શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન
आपको
दीपावली
की हार्दिक शुभकामनाएं!
ડૉ. કિર્તી કે. બોરીસાગર
ઉપપ્રમુખ : અમરેલી જી. કોંગ્રેસ સમિતિ
શ્રી ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર (એડવોકેટ)
સદસ્ય : જીલ્લા પંચાયત અમરેલી
શ્રીયા
સ્પાઈન એન્ડ પેઈન
મેનેજમેન્ટ સેન્ટર
: ખાંભા :
KAPS3 HOMEOPATHY
Associated with Dr Borisagar
Homeopathy at way of Treatment



શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભેચ્છાઓ
दीप जगमगाते रहे
सबके घर
झिलमिलाते रहे
साथ हो सब अपने
सब यूँही मुस्कुराते रहे
हैप्पी दीपावली
HAPPY
DIWALI
: શુભેચ્છક :
શ્રી પ્રફુલભાઈ વાજા
શ્રી કનકેશ્વરી એન્ટરપ્રાઈઝ
૧૧, વૈભવ કોમ્પલેક્ષ જાફરાબાદ રોડ, રાજુલા, જિ. અમરેલી.
AA Class Goverment
Appreved Contractor




શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની
શુભેચ્છાઓ
हैप्पी दिवाली
शुभ दीपावली
झिलमिलाते दीपों की,
रोशनी से प्रकाशित,
ये दीपावली आपके घर में,
सुख-समृद्धि और,
आशीर्वाद ले कर आए
: શુભેચ્છક :
શ્રી પરેશ ધાનાણી
પૂર્વ ધારાસભ્ય
અમરેલી-કુંકાવાવ-વડીયા




શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની
શુભેચ્છાઓ
दिवाली के दीपों सा,
आपका भाग्य जगमग हो जाए,
ऋद्धि-सिद्धि की प्राप्ति हो,
खुशियों के फूल खिल जायें।
हैप्पी दिवाली
: શુભેચ્છક :
જીતુભાઈ જોગદીયા
યશ કન્સ્ટ્રકશન
અમરેલી




શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની
શુભેચ્છાઓ
: શુભેચ્છક :
શ્રી પ્રકાશભાઈ લાખાણી
સદસ્યશ્રી
અમરેલી નગર સેવા સદન
અમરેલી
શ્રી મનોજબાપુ ગોંડલીયા
શ્રી પ્રકાશ અગોતરીયા
શ્રી મેહુલ બાબરીયા
શ્રી મેહુલ રાઠોડ
શ્રી અજય કટકીયા
શ્રી ભાવીન ત્રિવેદી
શ્રી મયુર ટાંક
શ્રી ગીરીશ મકવાણા
શ્રી પ્રતિક વાળા
શ્રી નિમેશ અજાણી
શ્રી આનંદ ભુટાક
શ્રી હિરેન ટીમાણીયા
શ્રી વિમલ ઠુંમર
શ્રી રૂપેશ સાવલીયા
શ્રી મહેશ ચૌહાણ
: અમરેલી :

**પ્રકરણ-૧૫૮**

**'શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન'**

**અટક અટક ઝટપટ પનઘટ, પર ચટક મટક એક નાર નવેલી..**
**ગોરી ગોરી ગ્વાલન કી છોરી ચલી.**
**ચોરી ચોરી, મુખ, મોરી મોરી મુસકાએ અલબેલી..**
**આયા.. દિપાવલી કે ત્યોહાર ઉડે રંગ કી બોછાર.. તું હૈ નાર નખરેદાર..**
**તું છૂપી હૈ કહા.. મે તડપતા યહાં.. તેરે બિન સૂના સૂના હૈ દિલ ક ઝહા.**
**આધા હૈ ચંદ્ર માં રાત આધી. રેહના જાયે તેરી મેરી બાત આધી.**
**શ્યામલ શ્યામલ બરણ. કોમલ કોમલ ચરણ. તેરે મુખડે પે ચંદા.**

પ્રિય વાચક મિત્રો,

**''દિપાવલી પર્વ અને વિક્રમ સંવંત – ૨૦૮૦ ના નૂતન વર્ષાભિનંદન...''**

અહી જે ગીત આપ્યું છે. તે ધુળેટી પર્વનું છે, પણ પર્વ ધૂળેટી હોય કે દિપાવલી સમગ્ર ભારતની જનતા તમામ પર્વ સમૃદ્ધી અને ઉત્સાહથી ઉજવે તેવી મહાદેવજીને પ્રાથના સહ તમામ વાંચક મિત્રોને દિપાવલી




અને નૂતન વર્ષની શુભ કામનાઓ વિક્રમ સંવંત ૨૦૮૦ આપ સર્વને પ્રગીત અને સમૃદ્ધિ પુર્ણ રહે તેજ શુભ કામનાઓ સાથે ૧૯૫૯ ના વર્ષની સુપર હિટ ફિલ્મની વાત કરીએ..

નવરંગ– વી, શાંતા રામની ફિલ્મ : દો આંખે બારહ હાથ' ના અંતિમ દ્રશ્ય માં તેમની આખલા સાથેની લડાઈ ના દ્રશ્યોમાં તેમની આંખોને વધુ પડતી ઈજા થઈ હતી. એક તબક્કે એવું લાગતું હતું કે તેમની આંખો ફરી પાછી આવશે નહી.

તેઓ ઘણા લાંબા સમય સુધી આંખો પર પાટો બાંધી દિવસો પસાર કર્યો હતા. તેઓ આંતરિક રીતે એક સમયે નિરાશ પણ થયા હતા. તેઓ નવરંગ ફિલ્મની શરૂઆતમાં રૂપેરી પરદે આંખો પર ચશ્મા પહેરીને આવી આ વાત કહે છે અને તેમની આખોં હવે સારી થઈ ગઈ છે. પણ ઝીંદગીના અલગ અલગ રંગ તેમણે તે સમયે અનુભવ્યા તેની વાત કરે છે. અને હિન્દી સિનેમા ને પ્રથમ કહી શકાય તેવી સંપુર્ણ રંગીન ફિલ્મ નવરંગ આપી રહયા છે. તેવું પણ કહે છે. વી. શાંતા રામે આ પહેલા ૧૯૫૫ માં ઝનક ઝનક પાયલ બાઝે ફિલ્મ સંપુર્ણ ટેકની કલરમાં બનાવી હતી. અને તે ફિલ્મ પણ સુપર હિટ સાબિત થઈ હતી. ભારતની પ્રથમ રંગીન ફિલ્મ, કિસાન કન્યા'ની વાત આપણે કરી ચુકયા છીએ. તે ફિલ્મની કોઈ પ્રિન્ટ અત્યારે ઉપલબ્ધ નથી, તે ફિલ્મ રંગીન કહી શકાય પણ સંપુર્ણ રંગીન તો ના જ કહી શકાય, ત્યારબાદ અશોક કુમાર પી. જયરાજની ફિલ્મો રંગીન ઓરવો કલરમાં આવી પણ સફળતા મેળવી ના શકી, તે સમયનાં સુપર સ્ટાર દેવ, અને રાજ જે પોતાનાં બેનરમાં હોમ પ્રોડકશનમાં ફિલ્મો આપી રહયા હતા. તે તેમની લોકપ્રિયતા ના લીધે ફિલ્મ સફળ કરવા સમર્થ હતા. છતાં રંગીન

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

ફિલ્મ બનાવતા ના હતા, કારણ કે ફિલ્મ જો સફળ ના થાય તો લાખો રૂપિયાનું નુકશાન થાય જે તે સમયે ધનવાન ને પણ કંગાળ બનાવી શકવા સમર્થ હતું. પણ હિન્દી સિનેમા ના અમુક નિર્માતા નિર્દેશક જેમ કે ગુરૂદત જેમણે પ્રથમ સિનેમા સ્કોપ ફિલ્મ આ વર્ષે જ આપી, જે સફળ ના થઈ પણ સર્જક વૃતિમાં લગીરે ફેર ના પડયો. વી.શાંતા રામે ટેકની કલર ફિલ્મ આપી સફળતા મેળ વી હતી. અને આત્મા વિશ્વાસ સાથે રંગીન ફિલ્મ આપી. જે પણ સફળ રહી વી.શાંતા રામનાં નિર્માણ અને નિર્દેશનમાં ત્યાગરાજ પેનધારકરની સિનેમા આટો ગ્રાફી, ચિંતામણિ બોરકરની અડિટિંગ અને ભરત વ્યાસનાં ગીતો અને સી. રામચંદ્રાના યાદગાર સંગીત સાથે, સંધ્યા, મહિપાલ, કેશવ રાવ દાતે, બાબુરાવ પેનધારકર, આગા, ઉલહાસથી અભિનીત નવરંગ ફિલ્મ ૧૯૫૯ ના વર્ષની ત્રીજા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ.

ફિલ્મની સફળતાનું જમા પાસું ફિલ્મનું સંગીત હતું, ફિલ્મમાં નવ ગીતોને સ્થાન આપવામાં આવ્યું હતું. અને મહેન્દ્ર કપુરને એક સફળ ગાયકનાં રૂપે બહાર લાવનાર નવરંગ ફિલ્મ તેમની પ્રથમ ફિલ્મ ગાયક કલાકાર તરીકે હતી. ફિલ્મની કથા ટુંકમાં જોઈ તો, મહિપાલ એક કવિ હૃદયનો વ્યકિત છે, તે તેના પિતા અને પત્ની સંધ્યા સાથે રહે છે. સંધ્યા તેના પતિને ચાહે છે, પણ ઘરેલું રીતે રિવાઝ મુજબ વધુ પડતી મર્યાદામાં રહે છે. જયારે મહિપાલ એક કવિની કલ્પનામાં તેની પત્ની જમનાને એક અલ્લડ યુવતી મોહિનીનાં રૂપમાં જુવે છે. અને કવિતાઓ રજી રહ્યો છે. તેને રાજ દરબારમાં નોકરી પણ મળે છે. પણ તેની પત્ની જમના તેના પતિને કોઈ મોહિની નામની યુવતી સાથે પ્રેમ છે. તેમ માની




તેનાં બાળકને લઈ પિયર જતી રહે છે. અંગ્રેજો આવતા મહિપાલની નોકરી પણ જતી રહે છે.

અંતે રાજ દરબારમાં તેને કવિતા બોલવાનું કહે છે. પણ તેની પત્ની વગર તે અધૂરો છે. તે વાતે તે 'તું છૂપી હૈ કહા... દ્વારા કહે છે. જે રાજ દરબારમાં તેની પત્ની જમના પણ આવી છે. પણ ઓજલમાં બેઠેલી છે. જયારે કવિ કરે છે કે જમના તું હે મેરી મોહિની અને લોકો બન્નેના પ્રેમને વખાણે છે. અને બન્ને પતિ પત્ની એક હાથ છે.

આવી કથાને અહી સંપુર્ણ રીતે કાવ્યાત્મક રૂપે રજુ કરવામાં આવી છે. ફિલ્મનાં ગીતોની વાત કરીએ તો, યહ મિટ્ટી સભી કી કહાની કહેગી, જે અંગ્રેજો ના જૂલ્મ સામે વૃદ્ધ મહિપાલની રજુઆત છે. અને પોતાનીમાં મોહીની જોતો મહિપાલ જમવા બેસે તો પણ તેને પત્નીમાં મોહિની દેખાય છે. શ્યામલ શ્યામલ બદન, કોમલ કોમલ ચરણ, તેરે મુખડે પે ચંદા ગગન ક ચડા, બડે મન સે વિધાતા ને તુજ કો ઘડા માં ખોવાઈ જાય છે. તે મહેન્દ્ર કપૂરના સ્વરમાં તેમનાં યાદગર ગીતો પૈકીનું એક છે. તો આશાજી અને મહેન્દ્ર કપુરનાં સ્વરમાં 'આધા હૈ ચંદ્રમાં રાત આધી, રેહના જાયે તેરી મેરી બાત આધી, મુલાકાત આધી, અને મન્ના ડે અને આશાજીના સ્વરમાં' તુ છુપી હૈ.... કહા.. મે તડપતા યહાં તેરે બિન સુના સૂના હૈ દિલ ક ઝહા.... અને આશા એ ગીતમાં અનેરો રંગ પુરયો છે. સાથે સી. રામચંદ્રા એ અદ્યતન વાદ્યોનો અહી ઉપયોગ કર્યો છે. તો ધૂળ ેટી પર્વનું આજેપણ નંબર એક સ્થાન પામેલ ગીત જે આશાજી અને મહેન્દ્ર કપુરના સ્વરમાં છે. જેમાં સંધ્યાના નૃત્ય અને સી.રામચંદ્રાનું સંગીત, ભરત વ્યાસના શબ્દો અને મહેન્દ્ર કપુર અને આશાજી એ એવા રંગ ભર્યા છે. કે આજે પણ તારો તજાહ આ ગીત છે.

અટક અટક ઝટપટ પનઘટ પર ચટક મટક એક નાર નવેલી ગીત અહી લખવા કરતા સાંભળવું આજે પણ ગમે છે. અભિનેતા જિતેન્દ્ર અહી આ ગીતમાં એક દ્રશ્યમાં દેખાય છે. જે સંધ્યાનાં વેશ પલ્ટાનાં દ્રશ્યમાં જોવા મળે છે. પણ તે સમયે જિતેન્દ્રનું કોઈ નામનાં હતું. ।અને જો જિતેન્દ્ર સફળ અદાકાર બન્યા ના હોત તો આજે આપણે તેમને અહી યાદ પણનાં કર્યા હોય તે સ્વાભવિક છે. પણ તેમને હજુ હિન્દી સિનેમાના પ્રવેશ જે વી.શાંતા રામ દ્વારા જ આપવામાં આવશે. તેમાં પાંચ વર્ષની વાર છે.

આ ફિલ્મને બેસ્ટ અડિટિંગ અને બેસ્ટ સાઉન્ડનો ફિલ્મ ફેર એવડર્સ પ્રાપ્ત થયેલ છે. જે એ કે પરમારને આપવામાં આવ્યો હતો. ફિલ્મ હિન્દી સિનેમાની પ્રથમ સંપુર્ણ રંગીન ફિલ્મ કહી શકાય અને સુપર હિટ રહી હતી. આગામી અંક ૨૦૮૦ ની શરૂઆત દિલિપ કુમાર અને રાજકુમારની સફળ ફિલ્મ સાથે કરીશું. ફરીથી તમામને દિપાવલી અને નૂતન વર્ષની શુભ કામનાઓ... **હિતેશ જોશી.**

---

# સ્વાસ્થ્યનું સરવૈયું

વિક્રમ સંવત ૨૦૭૯નો આજે છેલ્લો દિવસ આમ તો દિવાળી આવે એટલે ગુજરાતનો વ્યાપારી વર્ગ નવા વર્ષના ખાતાવાહી – ચોપડાઓનું પૂજન કરે , ધંધા – વ્યાપારની સ્મૃદ્ધિ, એ સતત એના નિરીક્ષણ અને એ પ્રમાણે નવા સુધારા – વધારા પર આધારિત છે, નવી પેઢીમા ખાતાવાહી – રોજમેળની જગ્યા ડેટાએન્ટ્રી (ટેલી એકાઉન્ટ ) લીધી છે, કોઈપણ વિકાસએ પરિવર્તનને આધીન છે જો તમે તમારા ધંધામાં સમયને અનુરૂપ પરીવર્તનનો કરો તો તમે ગમે તેટલા સારા વેપાર – ઉધોગ સાથે જોડાયેલા હો લોકો તમને સ્વીકારશે નહી જેનું ઉદાહરણ નોકીયા, એમ્બેસેડર ,એચ. એમ. ટી. જેવા વેપારો છે. ઉત્ક્રાંતીવાદના સિધ્ધાંત મુજબ કુદરત અવાર – નવાર તેની સિસ્ટમને અપગ્રેડ કરતી હોય છે અને જે પ્રાણી આ સિસ્ટમને અપનાવતા નથી તે ધીરે – ધીરે નાશ પામે છે, આવી જ રીતે ડાયનાસોર જેવું મહાકાય અને શક્તિશાળી પ્રાણી પણ કુદરતની અપગ્રેડ સિસ્ટમને ન અપનાવતા કાળક્રમે નાશ પામ્યું,જેવી રીતે આપણે આ ટેકનોલોજી નાં યુગમાં જાણીએ છીએ કે નોકિયા જેવી મોબાઈલની દુનિયાની બિનહરીફ કંપની પણ એન્ડ્રોઇડને નો અપનાવતા બંધ થવાને આરે આવી ગઈ,

એનો અર્થ એ છે કે કુદરત કાળક્રમે તેની સિસ્ટમમાં ફેરફાર કરતી હોય છે અને જયારે કોઈપણ ફેરફાર થતો હોય પ્રાણી માત્રને થોડીક મુશ્કેલી ભોગવવી પડતી હોય છે ત્યાર બાદ ધીમે – ધીમે તે મુજબ દરેક ગોઠવાઈ જતા હોય છે, કુદરતનાં સિસ્ટમને અપગ્રેડ કરવાની સાથે આપણે જો અપગ્રેડ નહિ થઈએ તો આપણે પણ ખૂબ હાલાકી ભોગવવી પડશે.

નવા વર્ષે આપણે આપણી જાતને અપગ્રેડ કરવાની છે, જેમાં ચાર બાબત મુખ્ય છે, જયા આપણે આપણી જાતને અપગ્રેડ કરવાની છે, ફીઝીકલી, મેન્ટલી, ઈમોશનલી અને ચોથુ એનર્જીટીક અપગ્રેડ શબ્દથી આપણે બધા આ મોબાઈલના યુગમા બરાબર પરીચીત છીએ, જયારે આપણા જુના મોબાઈલમા કોઈ એપ ચાલતી ન હોય કે સપોર્ટ ન કરતી હોય ત્યારે આપણે મોબાઈલને અપગ્રેડ કરાવીએ છીએ, બસ આ જ વસ્તુ આ પરીસ્થીતીમા આપણે કરવાની છે આપણી જાતને અપગ્રેડ કરવાની, મતલબ કે આપણે જે છીએ તેના કરતા ૧૦ ટકા વધુ આ પરીસ્થીતી માટે તૈયાર કરવાની, પહેલુ ફીઝીકલી ફીટ છીએ તેના કરતા૧૦ ટકા વધુ ફીટ થવાની, બીજુ મેન્ટલી ૧૦ ટકા વધુ શાર્પ થવાની, ત્રીજુ ઈમોશનલી ૧૦ ટકા વધુ બેલેન્સ થવાની અને ચોથુ ૧૦ ટકા વધુ એનરઝેટીક થવાની ...

વેપારીઓ જેમ દિવાળીએ તેના વ્યાપારના હિસાબનું સરવૈયું કાઢતા હોય છે તેમ આપણે પણ નવા વર્ષે સ્વાસ્થ્યનું સરવૈયું કાઢવાની જરૂર છે, તોજ આપણને ખબર પડશે કે સ્વાસ્થ્ય બાબતે આપણે કયાં સુધાર કરવાની જરૂર છે. સ્વાસ્થ્યનું સરવૈયું કાઢવા આપણે આપડી તંદુરસ્તીની પરીક્ષા કરવી જોઈએ જે માટે અમે થોડા માપદંડ તૈયાર કર્યા છીએ અને તે મુજબનાં પ્રશ્નો આપણે આપડી જાતને પૂછવા જોઈએ.

– તમને ભુખબરાબર લાગે છે ?
– તમને ગાઢ ઊંઘ આવે છે ?
– તમને ઝાડો સાફ આવે છે ?
– તમારો ચહેરો ચમકદાર છે ?
– તમારૂ પેટ છાતીની અંદર છે ?
– તમારા પગ ગરમ,પેટ નરમ અને માથું ઠંડું રહે છે ?
– તમને કામ કરવામાં ઉત્સાહ રહે છે ?
– તમે બધા સાથે મીઠાસથી વર્તો છો ?
– તમે દરરોજ કસરત કરો છો ?
– તમારૂં જીવન નિયમિત છે ?

આ તમામ પ્રશ્નોના જવાબ 'હા હોય તો તમે તંદુરસ્ત છો. જો નાં હોય તો તમારે તમારા શરીર અને મનને નિયમિત રીચાર્જ કરવાની જરૂર છે, મિત્રો આજના મોબાઈલનાં યુગમાં આપણે મોબાઈલને નિયમિત ચાર્જ કરતા હોઈએ છીએ પણ આપણી જાતને ચાર્જ કરવાનું ભૂલી જઈએ છીએ..


મિત્રો સ્વાસ્થ્યનું સરવૈયું કાઢવા નિયમિત મેડીકલ ચેકઅપ કરાવો, જયારે કોઈ દર્દી અમારી પાસે આવે અને અમે પૂછીએ કે અગાઉ ડોકટર સાહેબને બતાવ્યું છે કોઈ રિપોટર્સ કરાવ્યા છે. ત્યારે મોટા ભાગના દર્દી એક જ જવાબ આપે કે આજ સુધી મને કઈ થયું જ નથી તો ચેકઅપ શું કરાવવાનું !!??

મિત્રો આપણે કોઈ વાહન લઈએ ( ટુ વ્હીલર કે ફોર વ્હીલર ) ત્યારે આપણને કંપની તરફથી ફ્રી સર્વિસનાં કુપન આપવામાં આવે છે અને વાહનમાં કોઈ તકલીફ ન હોય તો પણ રેગ્યુલર તેની સર્વિસ કરાવતા હોઈએ છીએ આમ એક યાંત્રિક વસ્તુનું આપણે પૂરતું ધ્યાન રાખીએ છીએ પણ આપણા શરીર માટે આવું નથી કરતા !! આજ સુધીમાં એવો કોઈ વ્યક્તિ દર્દી બનીને અમારી પાસે નથી આવ્યો કે તેને કોઈ તકલીફ (શારિક / માનસિક) ન હોય અને ફક્ત હેલ્થ ચેકઅપ કરાવવા આવ્યા હોય.

જયારે આપણા સમાજમાં આટલા મોટા પ્રમાણમાં કેન્સર, હદયરોગ,ડાયાબિટીઝ, કિડનીનાં રોગો જેવા જીવલેણ રોગો વધી રહ્યા છે ત્યારે નીયમિત હેલ્થ ચેકઅપ કરવવાની જાગૃતિ જરૂરી છે અને એટલે જ આપણે આપડા સ્વાસ્થ્યનું સરવૈયું વર્ષમાં કમ સે કમ એક વાર કાઢવું જોઈએ.

શારીરિક તકલીફ માટે તો ડોકટરને બતાવશું , રિપોટર્સ ( પેથોલોજી, રેડિયોલોજી ) કરાવશું એટલે આપણને ખબર પડી જશે કે આપણે સ્વસ્થ છીએ કે બીમાર,પણ માનસિક સ્વાસ્થ્યનું શું .... આ માટે આયુર્વેદે સ્વસ્થની કહેલી વ્યાખ્યા આપણે સમજવી પડશે. આયુર્વેદમાં સ્વસ્થ કોને કહેવો તનેં માટે લખ્યું છે ક 'સમ દોષ સમાગની સમાધાતું મલક્રિયા,
પ્રસન્ન આત્માં ઈન્દ્રીય મન સ્વસ્થ ઈત્ભિધિયાતે

મતલબ કે જેના આત્મા, ઈન્દ્રિય અને મન પ્રંસન્ન છે તે જ સ્વસ્થ છે. હવે, આત્મા, ઈન્દ્રિય અને મન આપણા સ્વસ્થ છે કે નહિ તેની આપણને કેમ ખબર પડે ? તેના કોઈ રિપોટર્સ થાય છે ? આ જાણવા માટે એક વ્યવહારૂ વાત બતાવું છું , જયારે કોઈપણ કારણ વગર તમને અંદરથી મજા આવવા માંડે, કાઈ ગીત ગુનાગુનાવાનું મન થાય, તમારા રોજનાં કામ ઉપરાત તમારાથી કાઈને કાઈ રચનાત્મક ( ક્રીએટીવ ) કામ થાય જેમ કે સારૂં લખવું, અદભુત ચિત્ર દોરવું, સંગીતમાં અનન્ય સુર છીડવો.. વી. તમે



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

જયાં હો ત્યાં લોકોનાં ટોળા વળવા માંડે તમારા ચહેરા ઉપર શાંતિ અને પ્રસન્નતા દેખાતી હોય ત્યારે સમજવું કે તમારો આત્મા, ઈન્દ્રિય અને મન તમારાથી ખુબ પ્રસન્ન છે.

હવે, આત્મા, ઈન્દ્રિય અને મનને પ્રસન્ન રાખવા શું કરવું ?

માંદગી કોઈ ખાનગી ગરબડનું બીજું નાંમ છે. ખરી ગરબડ મનમાં શરૂ થાય છે. શરીર તો એ ગરબડની ચાડી ખાય છે. ભવિષ્યમાં વિજ્ઞાન એવું જરૂર સાબિત કરશે કે માણસના ઘણા ખરા રોગો દ્વેષમુલક અને વેરમુલક હોય છે. ક્ષમા,ઉદારતા રોગશામક છે. પ્રેમ રોગમુક્ત થવામાં મદદરૂપ થાય છે. શાંતિ આરોગ્ય માટે અત્યંત ઉપકારક છે. એક વિચારકત કહે છે કે : તંદુરસ્તી જો દવાની બોટલમાં મળતી હોય તો દરેક જણ તંદુરસ્ત હોય.

તન નીરોગી, મન નિર્મળ અને માંહ્યલો આનંદથી છલો છલ ! આવું બને ત્યારે કહેવાય છે કે માણસ સ્વસ્થ છે. સદિઓ પહેલા વેદનાં ઋષિઓએ પ્રાથના કરેલી, ભગવાન ! અમારી ચાલ અને અમારૂં જીવન ટટાર રહો.

રોગ કઈ નવરોધૂપ નથી કે વગર બોલાવ્યે આવે અને રહી પડે. રોગને પણ સ્વમાન હોય છે. ટેકનોલોજી એટલે તાણોલોજી ! ટેકનોલોજી આપણને સગવડપૂર્વક બેઠાડું બનાવે છે અને બેઠાડું માણસ રોગની સગવડ પુરી પાડતો રહે છે. બેઠાડું માણસનું તખ્ખલુસ 'બંધકોશ બંદોપાધ્યાય' હોવું જોઈએ. તમે એને ઘણીવાર મળી ચુકયા છો. હેલ્થ ઈન્સ્યુરન્સનું પ્રીમિયમ કેટલું ? નિયમિત કસરત અને માફ કસરનો આહાર ! કકડીને ભુખ લાગે તો માનવું કે તમે ટાટા છો, ઘસઘસાટ ઊંઘ આવે તો માનવું કે તમે બિરલા છો. કોઈ ખીટી નિંદા કરે ત્યારે પણ તમે સ્વસ્થ રહી શકો તો માનવું કે તમે કુબેર છો. કોઈને છેતરતી વખતે ખચકાટ થાય તો માનવું કે તમે સજજન છો. જો ઘણું ખરૂં આનંદ મય રહેતા હો તો માનવું કે તમે 'તમે' છો.

કોઈને પણ પૂછી જોજો કે જીવનમાં શું જોઈએ ? જવાબ મળશે ' શાંતિ જોઈએ, બીજું કાઈ નહિ. હવે વિચાર એ કરવાનો કે આપણે બધાને શાંતિ જોઈએ તો જરૂર છે, તો પછી આપણને મળતી શા માટે નથી ? કારણ એક જ છે શાંતિ મેળવવા માટેના સાધન અને વિચાર આપણે નિષ્ઠાપૂર્વક ઉતાર્યા નથી. શું છે આ ઉપાયો ?

પહેલો ઉપાય છે હૃદયથી ઉદાર બનવું. અને બીજા બધાને કામ આવવાનો ભાવ રાખવો. વ્યક્તિ તરીકે આપણી પાસે કઈને કઈ કુદરતે જરૂરત કરતા વિશેષ આપણને આપ્યું જ છે. પછીએ એ વસ્તુ હોઈ શકે કે વિચાર હોઈ શકે કે કોઈ જાતનું બળ હોઈ શકે. જે વધારે હોય તેને આજુબાજુના સમાજમાં વહેવાની શરૂઆત કરો, શાંતિ મળશે.

બીજું આપણું દુઃખનું કારણ છે આપણી અમર્યાદ ઈચ્છાઓ. આપણે મનુષ્ય દેહ મળ્યો છે સત્યની પ્રાપ્તિ માટે,અનેક જાતની વસ્તુની ઈચ્છા, સન્માનની ઈચ્છા વી.આપણને ધ્યેય ભુલાવે છે માટે 'ઈચ્છા' એટલે કે વાસના અને જરૂરીયાત વચ્ચેનો ભેદ સમજી લઈ 'અચાહ બનવાની સાધના કરવી. ઈચ્છા ઘટાડતા શાંતિ ઉભરાશે.

ત્રીજું સાધન છે ઈશ્વર પ્રત્યે શ્રધ્ધા જયારે બધું વિપરીત થતું લાગે ત્યારે શ્રદ્ધા જ આપણો ઉદ્વેગ ઘટાડશે.

તટસ્થતાથી મનની સ્થિતિનું અવલોકન કરો. તમને જણાશે કે કોઈપણ કારણ વિના મન દુઃખમાં ચાલ્યું જાય છે. હવે નિત્ય સુખીને આનંદિત સ્થિતિમાં રહેવા ભલા કોણ નથી ઈચ્છતું ? તેમ છતાં આ કેમ થાય છે / આનો કોઈ ઉપાય ખરો ?

હા ! આનો ઉપાય એક જ છે. દુ : ખીને જોઈને કરૂણાવાન થાવ ; સુખીને જોઈને રાજી થાવ શાંતિથી અવલોકન કરીશું તો જણાશે કે જીવનની ગતિ હવે એટલી તો ઝડપી બની છે કે કોઈનું દુઃખ આપણને સ્પર્શ કરતુ નથી. જો દુઃખનો અનુભવ થાય તો હૃદયમાં કરૂણા પ્રગટે ને મન આદ્ર બને તો જ કોઈનું દુઃખ દુર કરવા હાથ લંબાવવાની ઈચ્છા થાય. પ્રયત્ન કરજો કે દિવસ દરમ્યાન એક નાનું તો નાનું પરંતુ પરોપકારનું કામ તમારા હાથે થાય. તમને ચોક્કસ અનુભૂતિ થશે કે એ કરવાથી જે સુખ અને આનદ તમે જીવનમાં શોધી રહ્યા છો તેનો સંચાર અવશ્ય થઈ રહ્યો છે.

મનુષ્ય ચિતની બીજી પણ એક ટેવ છે. બીજાનું સુખ કે યોગ્યતા જોતા મનુષ્ય પોતાની ન્યુનતા અનુભવી ઈર્ષ્યાભાવ અનુભવે છે. આવું થાય ત્યારે જબરદસ્ત બ્રેક મારો. સુખીને જોઈ રાજી થાવ, એના માટે પ્રાથના કરો કે એનું સુખ જળવાઈ રહે. એ વધારે સુખી થાય.

આનો એક સરળ, વ્યવહારૂ ઉપાય છે. તમે જયાં પણ હો ત્યાં સુખી અને દુખી બંને સ્થીતીવાળી વ્યક્તિ હોવાની. દુખીમાં દુઃખી વ્યક્તિનો ચહેરો નિહાળી આંખ બંધ કરી પ્રાથના કરો કે એના દુખ દુર થાય. સુખી ચહેરો પણ ઓળખી કાઢો અને આંખ બંધ કરી સાચા મનથી પ્રાથના કરો – એનું સુખ કાયમ રહે.

તો ચાલો મીત્રો આપણા સ્વાસ્થ્યનાં સરવૈયામાં તંદુરસ્તી જમા રહે અને માંદગીની બેલેન્સ ઘટતી જાય તેના માટે થોડી સંભાળ લઈએ
– નિયમિત વાર્ષિક મેડીકલ ચેકઅપ કરાવો.
– તમને ગમતી સહેલી અને સસ્તી અને નુકશાન રહિત સરળ કસરતનો કાર્યક્રમ નિયમિત અમલમાં મુકો.
– સારો, સાદો, પૌષ્ટિક ખોરાક લો જેમાં શાકભાજી અને ફળોનો સમાવેશ કરો.
– મનની શાંતિ માટે સંગીત,ગાવા કે વગાડવાનું શિખો. ચિત્રકામ શીખો, લખો, મેડીટેશન કરો. સેવાના કાર્ય કરો.
– હરવા – ફરવાનો શોખ રાખો. થોડાક રીલેક્ષ થાઓ. આ બધું કરવા માટે રિટાયર થાઓ ત્યાં સુધી રાહનાં જુઓ.

**મર્મ બિંદુ :–** ડોકટરો અને હોસ્પિટલો વધે તેથી સાચો સુધારો વધે છે તેમ માનવાની જરૂર નથી.....

---

# ''સાલ મુબારક''


''નવા વરસમાં ચાલ કંઈક નવું કરીએ,
વ્યથાઓ વીતેલી ભૂલી જઈને,
ખુશીઓના રંગ જીવનમાં ભરીએ.
વિસરી જઈને અણગમતી યાદો,
ગળે મળીને મોઢા મીઠા કરીએ''

બસ હવે આંગણે અવસર આવી ગયા છે. વીતેલું વર્ષ જવા માટે અને આવનારૂ વર્ષ આવવા માટે થનગની રહ્યા છે. દીપાવલીનો તહેવાર અને નવા વર્ષ માટેની પૂર્વ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આવનારૂ વર્ષ બરાબર આવીને ઊભુ રહ્યું છે ત્યારે આપણે સૌ એને આવકારવા ઉત્સાહિત છીએ.વીતેલા વર્ષની ઘણી ખાટી મીઠી યાદોના સંસ્મરણો સાથે છે. ત્યારે આપણા આંગણે આવતા આ નવ વર્ષને આવકારવાને અવસરને ઉજવવા આપણે સૌએ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ઘરની સુશોભન, સફાઈ, સાજ સજાવટથી માંડીને ખરીદી,નાસ્તા આ બધુંજ આપણે કરી રહ્યા છીએ.બધુંવિતેલા વર્ષનું જૂનું ભૂલી અને આપણે નવા વર્ષે આપણા ઘરને નવી રીતે પ્રસ્તુત કરવા સાજ સજાવવા કેટ કેટલી તૈયારીઓ કરીએ છીએ. ખૂણેખૂણો ચોખ્ખો ચટાક કરી દઈએ છીએ. ચમ ચમક ઘર થઈ જાય છે. નવા વર્ષ માટે નવી ખરીદી, નવી નવી વસ્તુઓ પછી તે બેડ પરની ચાદર હોય, પડદા હોય કે ફલાવર હોય કે પછી પેઈન્ટિંગ હોય એવી અઢળક વસ્તુઓ જેને આપણે જૂનીને આવજો કહી અને નવી વસ્તુઓને સ્થાન આપીએ છીએ.નવા વર્ષમાં બધુંજ નવુંહોય અને આપણું ઘર નવી ઉર્જાથી ખીલી ઉઠે એવા તમામ પ્રયત્નો કરીએ છીએ.

દરવાજે તોરણ બંધાય છે, આંગણ દ્વારે રંગોળી પુરાય છે, અને બજારોમાં એક એક વસ્તુ માટે ખરીદીની

## અનુભૂતિનાં અક્ષરો



**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**

ભીડ જામી હોય છે.એટલે નવા વર્ષના શરૂ થતાજ ઘરને નવાજ રંગ રૂપથી સજાવી દેવાનો આપણો ઉત્સાહ અનેક ગણો હોય છે.વળી નવા વર્ષથી નવા કપડાં પહેરવા માટે અવનવી ખરીદી.

આમ આપણે વીતેલા વર્ષમાં જૂનું થયેલું બધું જ કાઢી નાખીએ છીએ. અને નવા વર્ષે નવું નકોર બધું જ એકઠું કરીએછીએ.પછી તેઘર માટેહોય કે પોતાને સજાવવા માટે પણ બધું નવું લાવીએ છીએ.પરંતુ આપણા મન મંદિરના ખૂણે જૂની સંઘરેલી કેટલીય કડવી યાદો,વ્યથાઓ કે નિરાશાઓ એમની એમ રહી જાય છે. એ ખૂણો ખંચેરવાનું યાદ જ નથી કરતા આપણે કે એને ભૂલી એમાં કંઈક નવુંઉમેરી શકાય કે નવું મૂકી શકાય એવી સગવડ જ નથી કરતા.જૂની કડવાશથી ભરેલાએ ખૂણાને ખાલી નહીં કરીએ તો એમાં નવી ઊર્જા કે નવી આશાઓનો સમાવેશ કેવી રીતે થશે?

તો આ વર્ષેવિતેલા વર્ષની વીતેલી વ્યથાઓને, કડવાશને રાગ, દ્વેષ ઈર્ષાને એ ખૂણામાંથી ખંખેરી નાખી અને નવા વર્ષમાં એના માટે પણ અંતરનાએ ઓરડામાં પણ નવી આશા,નવા સપનાઓ કે નવા લક્ષ્યાંકો મૂકીએ ઓરડાને પણ નવી અને સકારાત્મક વસ્તુઓથી સજાવીએ.જેથી આ નવા વર્ષનો એક દિવસ જ નહીં પણ આવનારૂ આખુંય વરસ આપણા સૌની માટે સહકારાત્મક બને.અને વીતેલી વ્યથાઓના સંતાપ આપણા જીવનમાંથી કાયમ માટે દૂર થાય.

આ વખતે નવા વર્ષમાં આવું કંઈક કરીએ આવનારા વરસમાં બીજાના ભૂલોને દોષો શોધવા કરતા આપણા દોષ શોધીએ. 'કયાંક નમી જઈએ કયાંક ખમી જઈએ અને પછી સૌને ગમી જઈએ.' થોડી માફી આપી દઈએ અને થોડી માંગી લઈએ. અને આપણી આસપાસ સ્નેહની સુવાસ ફેલાવીએ. અને ખરી રીતે આ નવા વર્ષને નવી રીતે મનાવીએ.

'કાળજાનો કચરો બધો સળગાવીને,
આશાના નવા દીવા પ્રગટાવીએ,
ચલો આવી દિવાળી મનાવીએ,
ને આવનારા વર્ષને વધાવીએ.

આવનારા નવા વર્ષને આપણે સૌ સાથે મળી સુંદર, સરસ અને સફળ બનાવીએ.

---


**કવિશ્રી : શરદકુમાર ધીરજલાલ દવે**
**હસ્તરેખા – જયોતિષ – સલાહકાર–અમરેલી**
**મો.૯૪૨૭૮ ૧૭૦૬૭, ફોન–૦૨૭૯૨–૨૨૭૯૨૮**


**: આવી દિવાળી...!! :**

આજ અમ હૈયે આનંદનાં સૂમાય, આવ્યો દિવાળીનો સુંદર
તહેવાર, કરી આંગણામાં સ્વસ્તિકની હાર
વંદન હો માતા લક્ષ્મીને અપાર , વંદન હો માતા લક્ષ્મીને અપાર
આવી દિવાળી......!!
રૂમઝુમ નાચ કરંતી રાત રઢિયાળી, ધનતેરસને કાળી ચૌદસ
પછી દિવાળી, સર્વ પર્વોની છે એ મહારાણી
કેવી આ વિધ વિધ રંગોળી રંગોળી, આવી દિવાળી....!!
સ્નેહ – પ્રેમ કેરી સરિતા છલકાવી, સત્ય–જ્ઞાન – તેજ પ્રસરાવે દિવાળી
નવેચતન ઉમંગ દિપ પ્રગટાવી, આવી આવી એ 'પરી' સોહામણી''...!!
આવી દિવાળી....!!

# રામ વિદા માંગત કર જોરી, કાન્હા પ્રણામ વહોરી વહોરી

અપને નિત્ય બોલતે હૈ? ગુરૂર્બ્રહ્મા , ગુરૂ વિષ્ણુ, ગુરૂદેવો મહેશ્વર તો કિસ તરહ સે? બ્ર્હ્મા ઉત્પતિ કરતે હે, વિષ્ણુ પાલન કરતે હૈ, શિવજી સંહાર કે દેવ હૈ, યે તીનો ઉપાધિ ગુરૂ કો દી ગઈ હૈ. તેઃ ગુરૂ નિજ જનકે હૃદયમે વિદ્યારૂપી ગુણ પ્રકટ કરતે હૈ, ફિર ઉસકા પોષણ ભી, કરતે હૈ ઔર અવગુણોંકા નાશ કરતે હૈ. યા વિદ્યા પ્રગટ કર અવિદ્યાકા નાશ કરતે હૈ.

આ દિવસે ભંડારો પણ મોટા પ્રમાણમાં કરાવેલો.સાધુઓને તથા ગરીબોને વસ્ત્રો પણ વહેચેંલા.ભગવાન પ્રસંગોપાત બોલ્યા, ભઈ યહ કપડેવાલોકી મહેરબાની હે નહીં તો આજ તક કિતની બાર યહાં આકર મેં ચલા જાતા થા કિસીકો માલુમ ભી નહીં પડતા થા.

જયપુરથી નીકળતી વખતે પાર્વતીબહેનને સાથે લઈ જવાના હતા. પરંતુ કોઈને જાણ ન થાય માટે ગલતાજીથી ધુર આવેલા અને મને કહેલું, તુમ પાર્વતી કો આગ્રા કી બસમે બિઠાકર આવ. મેં કહયું ભગવાન મે વાપિસ આઉ તબ તક આપ ચલે નહી જાના. ખરેખર હું પાછી આવી ત્યારે ઘરની નીચે આવી ગાડી પાસે ઉભા રહી મારી રાહ જોતા હતા. મેં પ્રણામ કર્યા અને તરત જ રમા, અબ મે જાઉ? કહી રવાના થયા. હજી તો પાર્વતીબેનની બસ મુખ્ય બસ સ્ટેન્ડ થી રવાના થઈ આગ્રા રોડ પરના સ્ટેન્ડ પર પહોંચી હશે, ત્યાં ભગવાનની ગાડી પહોંચી ગઈ અને તેમને પોતાની સાથે લઈ લીધા.આ રીતે ભગવાન કહે તે કરવાથી ખૂબ જ પ્રસન્ન રહેતા અને બધી વિગત જણાવતા. મારા જીવનનું લક્ષ એક જ છે. કે ભગવંત, અને સંતોની પ્રસન્નતા મળે, તેથી ઘણીવાર હું પત્રમાં ભગવાનને લખતી, મે રાજી હું, માલિક જીસમેં તેરી રજા હૈ, આજે પણ પ્રભુને મારી એજ પ્રાર્થના છે.

**રામ કરો કેહિ ભાંતિ પ્રંશશા, મુનિ મહેશ મનમાનસ હંસા**

(૪૭)

નાથકૃપા

તવ જાપર હોઈ

ભગવાન મથુરા જવા રવાના થયા. ગુરૂપૂર્ણિમાનો પ્રસંગ પૂરો થતાં બાપૂજીને અચાનક મારા બનેવી બિમાર હોવાથી મુંબઈ જવું પડયું. ત્યારબાદ કાનપુરથી પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ

પ્રિય રમા સાદર આસીસ,

તુમારે ઈહા સે નિકલકર રાસ્તેમેં એકસીડેન્ટ ખાતે હુએ સકુશલ કાનપુર પહુંચે. આજ રાંચી કો રવાના હો રહે હૈ. કલ શામ તક પહુંચ જાવેગે.

સ્વાસ્થ ઠીક હૈ, ચિન્તા કરના નહીં ઔર......

દેખો ભજન બરાબર કરના હો.

સબકો આસીસ.

ત્યારબાદ રાંચી પહોંચી ત્યાંથી પત્ર આવ્યો, શ્રી રામચંદ્રાય નમઃરાચિં

તા.૧૦-૮-૬૪

સમય ૧

પ્રિય રમા સાદર આસીસ,

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

મેરા સ્વાસ્થ અચ્છા હૈ. તુમારે પાસ સે નિકલકર હમ દોસા મેં રાત્રી રહે ઔર પારવતી મોટર સ્ટેન્ડ પર હી મિલ ગઈ થી. ઔર રાસ્તે મેં ખૂબ પરેશાની તથા એકસીડેન્ટ આદિ કા સામના કરતે હમ મથુરા પહુંચે વંહા દો રોજ રહે ઔર બાદ ઈહા આ ગયે. ઈહાં ૧૨ દિન ઠહરકર બાંસરા જાયેગે ઔર વહાં સે કહાં જાવેગે પતા નહી.

તુમ ભજન ખુબ કરના મનકો સાવધાન રખના, વિષયો કો સત્યતા સે પરે સમજના. ઔર ઈર્ષા ડાયનસે દુર રહના તાકિ માનસિક વ્યથા ન હો ઔર મન પ્રફુલ્લિત રહે.

**રામહિ સિખવી ગ્રામ નરનારી,પાય નયનફલ હોહિ સુખારી**

તુમ યહ ન ભૂલના કિ સંબંધ આત્મસંબધ હૈ ન કિ સ્થૂલ.

પ્રેમ વાસના નહીં પર એક અદભૂત દિવ્ય તત્વ હૈ.

સબકો

આસીસ કહના

રણછોડદાસ કા આસીસ

આ પત્ર વાંચતા ભગવાનના શબ્દો યાદ આવ્યા.

પ્રેમ પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન ચિન્હે કોઈ,

જો કોઈ પ્રેમકો ચિન્હે, સો જટ હરિકા હોય.

'પ્રેમી, કામી ઔર વ્યસની તીનોંકી બાહરી દશા એક હોતી હૈ લેકિન તીનોંકી આંતરિક દશામે બહુત ભારી અંતર હૈ. વ્યસની ઔર કામીકો ક્ષણિક સુખ હૈ જબ કિ પ્રેમિકા અનંત સુખ હોતા હૈ'' ભગવાને પ્રેમ અને વાસનાનું અંતર બતાવતા કહયું છે. '' પ્રેમ પાપ નહીં વાસના પાપ હૈ, પ્રેમ ઔર વાસના દોંનો ચીજ હી અલગ હૈ. દોનોંકો સ્વરૂપ અલગ હૈ. પ્રેમકા સંબધ મનસે હૈ, વાસના શરીર સે. પ્રેમમેં સમર્પણકી ભાવના હો.તી હૈ. વાસનામેં સ્વાર્થકી ગન્ધ. પ્રેમ દિવ્ય હૈ. વાસના ભૌતિક. પ્રેમમેં દિન બદિન વૃદ્ધિ હોતી હૈ ઔર વાસનામેંઉપરતિ. પ્રેમકી પરાકાષ્ઠા સ્વંય પ્રેમમેં હોતી હૈ. ઔર તબ સબ કુછ પ્રેમમય હો જાતા હૈ. પ્રેમીમેં પ્રેમ હોતા હી નહી, પ્રેમીકો પ્રેમાસ્પદ દ્વારા હી પ્રેમકી પ્રાપ્તિ હોતી હૈ. ભગવાને શબરી પ્રસંગની રચનામાં પ્રેમનું દર્શન કરાવ્યું છે.

દેખા જબ શ્રીરામને ભીલની લાઈ બોર

માનો ભૂખે જનમે ક તૂટ પડે તેહી ઓર.

શબરીને ભી લિયા યહા ચતુરાઈસે કામ,

સહિત બૈર પિછે હટી ના ના ના શ્રી રામ.

અભી ખિલાતી ચાખકર હે પ્રાણો કે પ્રાણ,

ખટે, મીઠે કી નહી હૈ. તુમકો પહિચાન.

અસ કહી ચખ દેને લગી મૃદુ મુખમે મૃદુ બોર,

બાર બાર પ્રભુ મુખ નિરખી, શબરી ભઈ વિભોર

બેસુધ મેં દેતી રહી, રહા ન તનકા ભાન,

બેસુધ મેં ખાતે રહે દીનબંધુ ભગવાન

**રામ દરશહિત અતિ અનુરાગી, પરિછન સાજ સજન સબ લાગી**

પ્રેમી પ્રેમ, પ્રેમાસ્પદ ભયે એકહી રૂપ,

પ્રેમ સરોવર મે મિલા, બ્રહ્માનંદ અનૂપ.

બના દેવતાને કિયા ભકિત, ભકત યશ ગાન,

સુનિ શબરી કો હો ગયા, બ્રાહય જગતકા જ્ઞાન,

સંકુચ રુહાકર શીધ્રહી, પલકર બિચ ભયે નૈન,

હેરિ હંસ પ્રભુ લખન તન, બોલે મૃદુવર નૈન,

